આકાશવાણી, અમદાવાદ

09-07-2025 Midday: 2.30 to 2.35 pm

Wednesday Regional News

## BRIDGE COLLAPSED

વડોદરા જિલ્લામાં પાદરા નજીક આજે સવારે ગંભીરા પુલનો એક ભાગ તૂટી પડવાની ઘટનામાં નવ લોકોના મોત થયા છે. જ્યારે નવ લોકોને બચાવીને પાંચને સારવાર માટે ખસેડાયા છે. આ ઘટના બાદ કેટલાક વાહનો તણાઈ ગયા હોવનું વડોદરા જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ પુષ્ટિ કરી હતી.
ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરીય સમિતિને ઘટના સ્થળે મોકલી છે.
ઘટનાને પગલે વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક અધિકારીઓએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF ની એક ટુકડીને પણ તહેનાત કરવામાં આવી છે.
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈજાગ્રસ્ત થયેલા લોકોની તાત્કાલિક સારવાર માટે વડોદરા કલેક્ટર સાથે વાતચીત કરીને જરૂરી વ્યવસ્થા કરવાની સૂચનાઓ આપી છે. તેમણે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને ચાર લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઉપરાંત તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરાશે, તેમ પણ શ્રી પટેલે જણાવ્યું.
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે આ દુર્ઘટનાના મૃતકોને પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F.માંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર શ્રી મોદીએ જણાવ્યું, ઘટનાના ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.

. . . . . . . . . . .

## CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં ગંભીરા બ્રિજની દુર્ઘટના મુદ્દે ચર્ચા થઈ. આ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા છે.
ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે પૂલ તૂટી પડવા અંગે મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસેથી પ્રાથમિક અહેવાલ માંગ્યો છે. મંત્રીમંડળની બેઠક બાદ મુખ્યમંત્રીએ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે પણ બેઠક યોજી. જેમાં રાજ્યમાં અન્ય જર્જરિત બ્રિજની વિગતો પણ રજૂ મંગાવવામાં આવી હતી.

. . . . . . . . . . .

## ROAD DIVERSION

આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે, મહીસાગર નદી ઉપરનો ગંભીરા પૂલ આજે તૂટી પડતા આ રસ્તા પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકાયો છે. પૂલ પુનઃકાર્યરત્ ન થાય ત્યાં સુધી તમામ વાહનોની અવરજવર પર પ્રતિબંધ લગાવતું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ પૂલ પર આવતા-જતા તમામ વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગો પર રૂટ ડાયવર્ટ કરાયો છે.

. . . . . . . . . . .

## AMIT SHAH SAHKAR SAMVAAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માતાઓ, બહેનો અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે સંવાદ કર્યો. શ્રી શાહે કચ્છ જિલ્લાના ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળી લિમિટેડના મિરલબેન રબારી સાથે પણ સંવાદ કર્યો.

સંવાદ દરમિયાન મિરલબેને ઊંટડીના દૂધને કેમિકલ પરીક્ષણ કરી સંશોધન કરવા અનુરોધ કર્યો હતો ત્યારે તેના જવાબમાં શ્રી શાહે કહ્યું કે ચાર આયુર્વેદિક કંપનીઓ ઊંટડીના દૂધના ઔષધીય ગુણની ચકાસણી કરી રહી છે. જેમાં એક કંપનીએ આ કાર્ય પૂર્ણ પણ કરી લીધું છે. શ્રી શાહે ઉમેર્યું કે દેશભરના ઊંટ પાલકો પાસેથી દૂધ એકત્ર કરી તેના ઔષધીય ગુણનો ઉપયોગ કરી ઊંચો ભાવ કેવી રીતે મળી શકે તે માટે ગુજરાત અને રાજસ્થાન સરકાર સાથે મળીને એક યોજના બનાવી રહી છે.

. . . . . . . . . .

## MEHSANA GRAM PANCHAYAT

રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાની સમરસ પંચાયત અને મહિલા સમરસ પંચાયતને અલગથી અનુદાનની ફાળવણી કરવામાં આવી છે. જિલ્લાની 90 સમરસ ગ્રામ પંચાયત ચાર કરોડ 51 લાખ રૂપિયાની રકમ ફાળવાઈ છે.

. . . . . . . . . .